આંક–

સમયગાળો:– વર્ષ માસ દિવસ
૩ ૧૧ ૧૫

(નમુનો:–અ)

| | | |
|---|---|---|
| **મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, નલીયા–કચ્છ** | | |
| (કે.આર.ગોહેલ)<br>અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,નલીયા–કચ્છ | | |
| ચુકાદાની તારીખ | : | |
| ફોજદારી કેસ નં. | : | ૩૫૯/૨૦૨૨ |
| એફ.આઈ.આર.નં. | : | વાયોર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૫૦૪૧૨૦૦૦૦૪/૨૦ |
| ગુનો | : | **ભારતીય દંડ સંહીતાની કલમ ૪૩૫,૧૪૩,૧૪૯ મુજબનો** |
| | | |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | ગુજરાત સરકારશ્રી |
| વિધ્વાન એ.પી.પી.શ્રી | : | શ્રી ડી.સી.ઠાકોર |
| આરોપી | : | (૧) મુકેશ ઉર્ફે મુકલો સ/ઓ પ્રેમજી ભચુ જેપાર<br>(૨) સુરેશ સ/ઓ પ્રેમજી ભચુ જેપાર<br>(૩) હરેશ ઉર્ફે હરિ સ/ઓ સુમાર નારણ જેપાર<br>(૪) પ્રવિણ ઉર્ફે પરેશ સ/ઓ રામાભાઈ જેપાર(મેઘવાળ)<br>(૫) દામજી સ/ઓ રામજી ઉર્ફે રમેશભાઈ જેપાર(મેઘવાળ)<br>(૬) મુળજી ઉર્ફે ભરત સ/ઓ રમેશભાઈ સુમારભાઈ જેપાર(મેઘવાળ)<br>(૭) નાનજી સ/ઓ રામા સુમાર જેપાર(મેઘવાળ)<br>રહે તમામ ગોયલા તા. અબડાસા |
| આરોપીના વકીલશ્રી | : | એલ.એલ.કટુઆ |

(નમુનો:–બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | તા.૦૪/૦૧/૨૦૨૦ |
| ફરીયાદની તારીખ | : | તા.૦૪/૦૧/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | : | તા.૧૫/૦૪/૨૨ |

| | | |
|---|---|---|
| ચાર્જફ્રેમની તારીખ | : | તા.૧૮/૦૮/૨૦૨૪ |
| પુરાવો શરુ થયાની તારીખ | : | તા.૧૮/૦૮/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | તા.૩૦/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | તા.૩૦/૦૩/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | -- |

આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસી રવાન /સજા નિદે।" ષ | સજા | સી.આર.પી .સી. ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મુકેશ ઉર્ફે મુકલો સ/ઓ પ્રેમજી ભચુ જેપાર | ૧૬/૦૧/ ૨૦૨૦ | | **આઇ.પી.સી. કલમ ૪૩૫,૧૪૩,૧૪૯** | | | |
| ૨ | સુરેશ સ/ઓ પ્રેમજી ભચુ જેપાર | -"- | | -"- | | | |
| ૩ | હરેશ ઉર્ફે હરિ સ/ઓ સુમાર નારણ જેપાર | -"- | | -"- | | | |
| ૪ | પ્રવિણ ઉર્ફે પરેશ સ/ઓ રામાભાઈ જેપાર(મેઘવાળ) | -"- | | -"- | | | |
| ૫ | દામજી સ/ઓ રામજી ઉર્ફે રમેશભાઈ જેપાર(મેઘવાળ) | -"- | | -"- | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | મુળજી ઉર્ફે ભરત સ/ઓ રમેશભાઈ સુમારભાઈ જેપાર(મેઘવાળ) | −"− | | −"− | | | |
| ૭ | નાનજી સ/ઓ રામા સુમાર જેપાર(મેઘવાળ) | −"− | | −"− | | | |

**<u>ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહદોનું લીસ્ટ</u>**

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | કોલી જીતેન્દ્રભાઇ નાથાભાઇ | ફરીયાદી | ૧૬ |
| ૨ | અનવર ભચુ ઇસ્માઇલ હીંગોરા | સાહેદ | ૨૩ |
| ૩ | મુકેશ વાછીયાભાઇ સીજુ | સાહેદ | ૩૫ |
| ૪ | માલાભાઇ વીરજીભાઇ મારવાડા | સાહેદ | ૩૬ |
| ૫ | કાનજી સાલે કોલી | સાહેદ | ૩૭ |
| ૬ | હમીદ ઓસ્માણ લુહાર | સાહેદ | ૩૮ |
| ૭ | અબ્દુલ અઝીમ લુહાર | સાહેદ | ૩૯ |
| ૮ | દિપક ધનજીભાઇ કોલી | સાહેદ | ૪૦ |
| ૯ | જવા સાલેભાઇ કોલી | સાહેદ | ૪૧ |
| ૧૦ | બક્ષે હુશેન લાંગા | સાહેદ | ૪૨ |
| ૧૧ | ગની ઉરશ સઠીયા | સાહેદ | ૪૩ |
| ૧૨ | જગદીશ મોહનભાઇ કોલી | સાહેદ | ૪૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | મનજી હુશેન કોલી | સાહેદ | ૪૫ |
| ૧૪ | ઉરસ સાલે રાઠોડ | સાહેદ | ૪૬ |
| ૧૫ | વિનોદ મામદ કોલી | સાહેદ | ૪૭ |
| ૧૬ | અનીલ બુધીયા કોલી | સાહેદ | ૪૮ |
| ૧૭ | રાણા લાખાભાઇ રબારી | સાહેદ | ૪૯ |
| ૧૮ | લખમીર હીરાભાઇ રબારી | સાહેદ | ૩૩ |
| ૧૯ | અલીમામદ સીધીક ખત્રી | સાહેદ | ૩૪ |
| ૨૦ | ઈશાક રમજાન ભટી | પંચ | ૨૬ |
| ૨૧ | ઉરસ સીધીક સઠીયા | પંચ | ૨૮ |
| ૨૨ | જેઠાલાલ શંકરભાઇ કોલી | પંચ | ૨૯ |
| ૨૩ | જુમાભાઇ મામદભાઇ સઠીયા | પંચ | ૩૧ |
| ૨૪ | સોમાભાઇ કમાભાઇ રબારી | પંચ | ૩૨ |
| ૨૫ | રાજેન્દ્રસિંહ ઉમેદસિંહ ઝાલા | ત.ક.અ. | ૫૨ |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |
| | | | |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |
| | | | |

**<u>ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:-</u>**

(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૭ | ફરીયાદ |
| ૨ | ૨૭ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૩ | ૩૦ | પંચનામું |
| ૪ | ૬૩ | એફ.એસ.એલ. અહેવાલ |
| ૫ | ૫૭ | સ્થળ પરીક્ષણ અહેવાલ |

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| | | |
| | | |

**(સી) કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:**

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | | – |

**–:: ચુકાદો ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.–૦૪/૦૧/૨૦૨૦ ના સાંજના પોણા પાંચેક વાગ્યાના આરસામાં ગોચલા ગામના પાદરે કેનાલ વાળા ચાર રસ્તા પાસે આ કામેના ફરિયાદીએ પોતાના કબ્જાની ટ્રેલર રજી નં. જી. જે.૧૨ બી. એક્સ. ૧૮૦૧ વાળાથી એક માણસ સાથે એક્સિડન્ટ કરી મોત નિપજાવેલ હોય તે વાતને ધ્યાને લઈ આ કામેના આરોપીઓ નં (૧) મુકેશ ઉર્ફે મુકલો સ/ઓ પ્રેમજી ભચુ જેપાર ઉ.વ.૨૬ (૨) સુરેશ સ/ઓ પ્રેમજી ભચુ જેપાર ઉ.વ.૨૩ (૩) હરેશ ઉર્ફે હરિ સ/ઓ સુમાર નારણ જેપાર ઉ.વ.૩૭ (૪) પ્રવિણ ઉર્ફે પરેશ સ/ઓ રામાભાઈ જેપાર(મેઘવાળ) ઉ.વ.૨૧ (૫) દામજી સ/ઓ રામજી ઉર્ફે રમેશભાઈ જેપાર(મેઘવાળ) ઉ.વ.૨૧ (૬) મુળજી ઉર્ફે ભરત સ/ઓ રમેશભાઈ

સુમારભાઈ જેપાર(મેઘવાળ) ઉ.વ.૧૯ (૭) નાનજી સ/ઓ રામા સુમાર જેપાર(મેઘવાળ) ઉ.વ. ૨૮ રહે તમામ ગોયલા તા. અબડાસા વાળાઓએ ભેગા મળી પોતાનો એક સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી ગે.કા. મંડળી રચી આ કામેના ફરીયાદીની ટ્રેલર ગાડીને જવલંતશીલ પ્રવાહી વડે આગ ચાપી સળગાવી દઈ ભારતીય દંડ સંહીતાની કલમ ૪૩૫,૧૪૩,૧૪૯ મુજબનો ગુનો કરેલ.ફરીયાદીએ સદર ફરીયાદ વાયોર પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં તેને વાયોર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૫૦૪૧૨૦૦૦૦૪/૨૦ થી ગુનો રજીસ્ટર કરી ત.ક.અ.શ્રીએ ચાર્જશીટ રજુ કરતાં ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૩) ત્યારબાદ આ કામે આરોપીઓને સમન્સ તથા વોરંટની બજવણી થતાં આરોપીઓઓ હાજર થતાં તેઓને સી.આર.પી.સી. કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડી આરોપીઓ વિરુધ્ધ આંક-૫ થી તહોમતનામું ફરમાવી આંક-૬ થી આંક-૧૨ સુધી પ્લી રેકર્ડ કરતાં તેઓ ગુનો કબુલતા ન હોય તેઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષે પુરાવો પુરો થતાં આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવતાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી, તેઓ સોગંદ પર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમજ વિશેષમાં કાંઇ કહેવું છે તેવા સવાલના જવાબમાં તેઓ નિર્દોષ વ્યકિત છે તેઓએ આવો કહેવાતો ગુનો કરેલ નથી તેમ જણાવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદને સમર્થન આપેલ છે જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવવા જોઇએ.જયારે, બચાવપક્ષના વિ.વ.શ્રીએ દલીલો કરી જણાવેલ છે કે, ફરીયાદી તથા તમામ સાહેદો હોસ્ટાઇલ થયેલ છે. તેમજ, આરોપીની કોઇ ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી. તેમજ,

આ કામે એફ.એસ.એલ. અધીકારીને પણ તપાસવામાં આવેલ નથી. આથી વિશેષ ગુના સંબંધીત વીડીયોને કોઇને પણ રીફર કરાવવામાં આવેલ નથી. જેથી, ફરીયાદપક્ષ તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવું સ્પષ્ટ માનવાને કારણ રહે છે. જેથી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલમાં જણાવેલ છે.

(૬) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

**:: મુદા ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.–૦૪/૦૧/૨૦૨૦ ના સાંજના પોણા પાંચેક વાગ્યાના આરસામાં ગોયલા ગામના પાદરે કેનાલ વાળા ચાર રસ્તા પાસે આ કામેના ફરિયાદીએ પોતાના કબ્જાની ટ્રેલર રજી નં. જી. જે.૧૨ બી. એક્સ. ૧૮૦૧ વાળાથી એક માણસ સાથે એક્સિડન્ટ કરી મોત નિપજાવેલ હોય તે વાતને ધ્યાને લઈ આ કામેના આરોપીઓ નં (૧) મુકેશ ઉર્ફે મુકલો સ/ઓ પ્રેમજી ભચુ જેપાર ઉ.વ.૨૬ (૨) સુરેશ સ/ઓ પ્રેમજી ભચુ જેપાર ઉ.વ.૨૩ (૩) હરેશ ઉર્ફે હરિ સ/ઓ સુમાર નારણ જેપાર ઉ.વ.૩૭ (૪) પ્રવિણ ઉર્ફે પરેશ સ/ઓ રામાભાઈ જેપાર(મેઘવાળ) ઉ.વ.૨૧ (૫) દામજી સ/ઓ રામજી ઉર્ફે રમેશભાઈ જેપાર(મેઘવાળ) ઉ.વ.૨૧ (૬) મુળજી ઉર્ફે ભરત સ/ઓ રમેશભાઈ સુમારભાઈ જેપાર(મેઘવાળ) ઉ.વ.૧૯ (૭) નાનજી સ/ઓ રામા સુમાર જેપાર(મેઘવાળ) ઉ.વ. ૨૮ રહે તમામ ગોયલા તા. અબડાસા વાળાઓએ ભેગા મળી પોતાનો એક સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી ગે.કા. મંડળી રચી આ કામેના ફરીયાદીની ટ્રેલર ગાડીને જવલંતશીલ પ્રવાહી વડે આગ ચાપી સળગાવી દઈ ભારતીય દંડ સંહીતાની કલમ ૪૩૫,૧૪૩,૧૪૯ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**-:: નિર્ણય માટેના કારણો ::-**

**મુદા નં. ૧:-**

(૮) ફોજદારી કાર્યવાહીમાં પુરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવામાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપી પર બેસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો ન્યાયલય સમક્ષ પડેલ બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તીત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય. હાલના કામે આરોપી વિરુધ્ધ ઇ.પી.કો. કલમ ૪૩૫,૧૪૩,૧૪૯ તથા ૧૨૦(બી) મુજબના ગુનાનો આક્ષેપ હોય સદરહુ કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબના ગુનો સાબિત કરવા ફરીયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીઓએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષે તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે

આંક–૧૬ થી ફરીયાદી કોલી જીતેન્દ્રભાઇ નાથભાઇ નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તેઓ છેલ્લા આઠ નવ વરસથી ડ્રાઈવીંગ કરુ છુ. હુ મોટી ટ્રક ડ્રાઈવીંગ કરુછુ. વરસ ૨૦૨૦ હુ મોટું ટેલર લઈ ચલાવવા માટે ગયેલ ત્યારે રોયલા ગામ પાસે મારુ ટ્રલર કોઈ લોકોએ સળગાવી દીધેલ આ ટ્રેલરના માલીક  આશાપુરા ગાંધીધામ વાળા હતા અને ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવતાં ફરીયાદ આંક–૧૭ થી રજુ થયેલ છે.વધુમાં જણાવે છે કે , મે કોઇ ફરીયાદ આપેલ નથી અને ફરીયાદ હકીકત મે લખાવેલ નથી મે માત્ર સહી કરેલ. આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરત ન હોય ફરીયાદપક્ષે તેમને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરતાં જણાવે છે કે, એ વાત ખરી છે કે તા.૬/૧/૨૦૨૦ ના રોજ ફરીયાદમાં લખાવેલ કે એ વાત ખરી છે કે છેલ્લા વીસેક દિવસી અનવરભાઈ મારી સાથે ડ્રાઈવીંગ કરતા હોઈ તેઓમારા મીત્ર છે તેમજ ગામના બીજા ડ્રાઈવર હોઈ અવાર નવાર ગામમા જતો હોઈ બીજા માણસોને ઓળખુ છુ. એ વાત ખરી છે કે અનવરે મને ડ્રાઈવરની જગ્યા ખાલી હોઈ તેથી ટ્રેઈલર નં જી.જે.૧૨ બી.એકસ ૧૮૦૧ માં ડ્રાઈવીંગ કરતો હતો. એ વાત ખરી છેક તા. ४/૧/૨૦૨૦ ના રોજ સવારના સાડેક નવા વાગ્યો મારી ગાડી હરીપર થી લઈ લોડાઈ ગામમાં માટીની ખાણમાં ભરવા જવા નીકળેલ અને દોલતપુરા ફાટક પાસે ડીઝલ ભરાવી માટીની ખાણમાં ગઈ તથા માટી ભરી રોયલ્ટી કઢાવી આશરે ત્રણ વાગ્યે આશાપુરા કંપનીમાં આવવા નીકળેલ સાડા ચારેક વાગ્યે એક માણસ મારી ગાડી મા અથડાઈ ગયેલ અને તે વાતની મને ખબર નથી. એ વાત ખરી છે કે મારા એડવાન્સ રુપીયા ગાડીના ખર્ચ માટે રુપીયા લેવાના હોઈ મારી ગાડીનો વહીવટ કરતો અનવર જે હોટલે ઉભેલ હોઈ ત્યારે મારી ગાડી હોટલે ઉભી રાખી કોઈ આવીને બોલેલ કે આગળ એકસીડન્ટ થયેલ છે અને કોઈ છોકરો ગાડીમાં આવી ગયેલ અને તે મરણ ગયેલ છે. એ વાત ખરી છે કે ઘણા બધા માણસો ત્યા ભેગા થઈ ગયેલ અને મારી ગાડી જોઈને કહેલ કે આ ગાડીના પાછળના પૈડામાં લોહી લાગેલ છે તથા આ ગાડીથી એકસીડન્ટ થયેલ છે જેથી ગાડી સળગાવી દો તથા ડ્રાઈવર કય ગયેલ છે તે ને શોધો.એ વાત ખરી નથી કે કોઈ માણસે

જવલનશીલ પ્રવાહી લઈને આવેલ અનેગામના મુકેશ તથા સુરેશ ત્યા બીજા માણસો ભેગા થઈ ગયેલ અને જવલનશીલ પ્રવાહી નાખી ગાડીને સળગાવવા જતા હું ત્યાંથી નીકળી ગયેલ. એ વાત ખરી છે કે મને બીક લાગતા હુ વગડામાં આખી રાત રહેલ અને બીજા દિવસે સવારના છ વાગ્યે મારા ઘરે જતો રહેલ. એ વાત ખરી છે કે મે બીજા વોટસએપ પર મારી ગાડી સળગાવેલાનો વીડીયો જોયેલ જેથી મને ખબર પડેલ કે મારી ગાડી સળગાવેલ અને રુપીયા ૩૦ લાખનુ નુકશાન થયેલ છે. એ વાત ખરી નથીક મે મારા શેઠને વાત કરતા મને કહેલ કે હુ આજે બહાર ગામ છુ અને કાલે આવીશ .એ વાત ખરી નથી કે મારા શેઠ સાથે ફરીયાદ કરવા પોલીસ સ્ટેશન ગયેલ.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ગાડી કોણે સળગાવેલ તેના નામ જણાવેલ નથી, આ કેસમાં આરોપીને હું ઓળખતો નથી, પોલીસે મને સહી કરવાનું કહેતાં મે સહી કરેલ અંદર શું લખેલ હતું તેની ખબર નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૨૩ થી સાહેદ અનવર ભચુ ઇસ્માઇલ હીંગોરા નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તા. ૦૬/૦૧/૨૦ ના રોજ તેઓ તેમની ગાડીના એડવાન્સ પૈસા લેવા માટે આવેલ હતા તે વખતે તેઓ ચા પીતા હતા ત્યારે કોઇએ જીતુભાઇની ગાડી જોઇને કહેલ કે આ જ ગાડીમાં લોહી છે તથા તેનાથી એકસીડન્ટ થયેલ છે જેથી બધા લોકો રાડારાડી કરવા લાગેલ અને તે ગાડી પર જવલનશીલ પ્રવાહી છાંટી સળગાવી નાંખેલ.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, આ ગાડી કોણે સળાગવી તેની ખબર નથી.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૩૫ થી સાહેદ મુકેશ વાછીયાભાઇ સીજુ નાઓએ,આંક-૩૬ થી સાહેદ માલાભાઇ વીરજીભાઇ મારવાડા નાઓએ,આંક-૩૭ થી કાનજી સાલે કોલી નાઓએ, આંક-૩૮ થી સાહેદ હમીદ ઓસ્માણ લુહાર નાઓએ,આંક-૩૯ થી સાહેદ અબ્દુલ

અઝીમ લુહાર નાઓએ,આંક-૪૦ થી સાહેદ દિપક ધનજીભાઇ કોલી નાઓએ,આંક-૪૧ થી સાહેદ જવા સાલેભાઇ કોલી નાઓએ,આંક-૪૨ થી સાહેદ બક્ષે હુશેન લાંગા નાઓએ,આંક-૪૩ થી સાહેદ ગની ઉરશ સઠીયા નાઓએ,આંક-૪૪ થી સાહેદ જગદીશ મોહનભાઇ કોલી નાઓએ,આંક-૪૫ થી સાહેદ મનજી હુશેન કોલી નાઓએ,આંક-૪૬ થી સાહેદ ઉરસ સાલે રાઠોડ નાઓએ,આંક-૪૭ થી સાહેદ વિનોદ મામદ કોલી નાઓએ,આંક-૪૮ થી સાહેદ અનીલ બુધીયા કોલી નાઓએ,આંક-૪૯ થી સાહેદ રાણા લાખાભાઇ રબારી નાઓએ,આંક-૩૩ થી સાહેદ લખમીર હીરાભાઇ રબારી નાઓએ,આંક-૩૪ થી સાહેદ અલીમામદ સીધીક ખત્રી નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, આશરે પાંચ વર્ષ પહેલા ગોયલા ગામે રોડ મધ્યે એક અકસ્માત થયેલ તે સમયે તેઓ ધરે હતા અને ધુમાડા જોતાં રોડ પર ગયેલ ત્યાં એક ગાડી સળગતી હતી અને ધણા બધા લોકોનું ટોળું હતું. ગાડી સળગાવતા કોઇને જોયલ નથી પોલીસે વીડીયો બતાવી હાજર લોકો બાબતે પુછેલ તે વીડીયોમાં જે વ્યકિતઓ હતા તેને ઓળખતા નથી અને વીડીયોમાં મારા સીવાય કોઇ માણસની ઓળખાણ આપેલ નથી.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૨૬ થી પંચ ઇશાક રમજાન ભટી નાઓએ તથા આંક-૨૮ થી પંચ ઉરસ સીધીક સઠીયા નાઓએ જુબાની આપી સ્થાનિક જગ્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતાં પંચનામું આંક-૨૭ થી રજુ થયેલ છે. આ પંચે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૨૯ થી પંચ જેઠાલાલ શંકરભાઇ કોલી નાઓએ તથા આંક-૩૧ થી પંચ જુમાભાઇ મામદભાઇ સઠીયા નાઓએ જુબાની આપી પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતાં પંચનામું આંક-૩૦ થી રજુ થયેલ છે.આ પંચે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૩૨ થી પંચ સોમાભાઇ કમાભાઇ રબારી નાઓએ જુબાની આપી પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–પર થી ત.ક.અ. રાજેન્દ્રસિંહ ઉમેદસિંહ ઝાલા નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તા.૦૬/૦૧/૨૦૨૦ ના ફરીયાદી જીતેન્દ્રકુમાર ઉર્ફે જીતુ અલાના કોલી વાળાએ અમારી રૂબરૂ ફરીયાદ હકિકત આપતા આઈ.પી.સી.કલમ ૪૩૫, ૧૪૩, ૧૪૯, ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ કરી આગળની તપાસ અમોએ સભાળી લીધેલ, જે અંગે અલગ અલગ સાહેદોના નિવેદનો લેવામા આવેલ. તેમજ તા.૦૯/૦૧/૨૦૨૦ ના રોજ પંચનામું કરી પંચનામાની વિગતે મુદામાલ કબ્જે લઈ મુ.પાવતી નંબર ૨/૨૦૨૦ થી મુદામાલ કબ્જે કરેલ. તેમજ ૧૨/૦૧/૨૦૨૦ ના રોજ પંચનામું કરી પંચો રૂબરુ મુદામાલ કબ્જે લીધેલ મુદામલ પાવતી નંબર ૪/૨૦૨૦ વાની ફાડી. તા.૨૭/૦૧/૨૦૨૦ ના રોજ પંચનામું કરી મુદામાલ પાવતી ૫/૨૦ વાળી થી મુદ્ધામાલ કબ્જે લીધેલ. તેમજ આ કામે આરોપીઓ ની અટક કરવામાં આવેલ જે અંગે પુરાવા આધારે ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરેલ. તપાસ દરમ્યાન કબ્જે કરેલ મોબાઈલ વીડીયો કુટેજ પરિક્ષણ અર્થે મે મોકલાવેલ જે સીડી એફ.એસ.એલમાંથી પરત આવેલ આવેલ જે જે ડીવીડી રજુ છે આર્ટીકલ નંબર એ. આપવામાં આવેલ છે જે પરિક્ષણ અહેવાલ એફ.એસ.એલ .ધ્વારા કરેલ હોય જે હુ ઝેરોક્ષ આંક–૬૩ થી રજુ રાખેલ છે અને ટ્રક સળગી ગયેલ હોવાથી એફ.એસ.એલ અધિકારી ને સાથે સ્થળ પરિક્ષણ એહવાલ તૈયાર કરીને જે તપાસ ના કામે સામેલ રાખેલ જેની ઝેરોક્ષ નકલ મને બતાવવામાં આવે છે જે આંક–૫૭ થી રજુ રાખેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, મે કોઈ આરોપીઓની મામલતદાર કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી,મોબાઈલ કબ્જે લીધેલ નથી, મોબાઈલના માલીકીનુ કોઈ સર્ટી લીધેલ નથી, સદર બનાવવાની જગ્યાએ ઘણાબધા માણસો એકઠા થઈ ગયેલા, ફરીયાદીએ

પોતાની ફરીયાદમા આરોપીઓના પુરા નામ સરનામા જણાવેલ નથી,ફરીયાદી બનાવ સ્થળે થી કયા જતો હતો તેની મે તપાસ કરેલ નથી,ફરીયાદીએ એક માણસનુ અકસ્માત કરેલ,આર.ટી.ઓ.કચેરીમા કોઈ ટ્રકનું પરિક્ષણ કરાવેલ નથી. આ સીવાય બચાવપક્ષના અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૧૬) આમ, આ કામે રેર્કડ ઉપર આવેલ સમગ્ર પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તોં, ફરીયાદીએ તેમના આંક-૧૬ ના પુરાવામાં સૌપ્રથમ ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓએ ફરીયાદ આપેલ ન હોવાનો પુરાવો રજુ રાખેલ છે તેમજ ઉલટ તપાસમાં ગાડી કોણે સળગાવેલ તેના જણાવેલ નથી અને આરોપીઓને ઓળખતા ન હોવાનો પુરાવો રજુ રાખેલ છે. તેમજ, ફરીયાદપક્ષે તપાસેલ અન્ય સાહેદો ધ્વારા આ કામે ગાડી સળગી ગયેલ પછી બનાવ સ્થળે પહોંચેલ ત્યાં માણસોનું ટોળું હોવાનો પુરાવો રજુ કરેલ છે. વધુમાં આંક-૫૨ થી ત.ક.અ.શ્રી નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ કોઈ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી. અહીં નોંધવાપાત્ર હકીકત એ પણ છે કે ગુના સંબંધીત વીડીયોને ફરીયાદપક્ષે ફરીયાદી,સાહેદો કે તપાસ કરનાર અમલદારને બતાવી તેને રીફર પણ કરેલ નથી. આમ, રજુ થયેલ પુરાવા પરથી હાલના આરોપીઓ ધ્વારા જ સદર ગુનાને અંજામ આપેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આથી, મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧: આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ -૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા કલમ-૪૩૫,૧૪૮,૧૪૯ મુજબ ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩: આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ-

૪૩૭(એ) અન્વયે, જે તે અદાલત સમક્ષ આ હુકમની સામે અપીલ કે, રીવીઝનના કામે છ માસ સુધીના રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જાતમુચરકા તથા તેટલી જ રકમના સદ્ધર જામીન રજુ કરવા.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬
નલીયા–કચ્છ.

**(કપીલ રંગલાલ ગોહેલ)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નલીયા–કચ્છ.
કોડ : ૦૧૧૬૨